C.C.No.217/2025.

GJRJ270002952025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૧/૦૭/૨૦૨૫. |
| નોંધ્યા તારીખ | ૨૧/૦૭/૨૦૨૫. |
| ફેંસલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬. |
| વ્યતિત સમય | ૦૦વર્ષ,૦૭માસ, ૧૯દિવસ. |

<table>
<tr><td colspan="2">વીંછિયાનાં મહે.શ્રી જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,<br>મુકામઃ વીંછિયા.<br>ફોજદારી કેસ નં.૨૧૭/૨૦૨૫.<br>આંકઃ–..........</td></tr>
<tr><td>ગુનાની કલમ</td><td>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩, ૬૨, ૧૨૫, ૫૪ મુજબ.</td></tr>
<tr><td>પ્રથમ માહિતી અહેવાલ નંબર</td><td>વીંછિયા પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજિસ્ટર નં.૦૩૬૭/૨૦૨૪.</td></tr>
<tr><td>પોલીસ સ્ટેશન</td><td>વીંછિયા પોલીસ સ્ટેશન.</td></tr>
<tr><td>ફરિયાદપક્ષ</td><td>સરકારશ્રી</td></tr>
<tr><td>રજૂઆત</td><td>વિદ્વાન એ.પી.પી.શ્રીમતી કે.એમ.ચૌધરી</td></tr>
<tr><td>આરોપીપક્ષ</td><td>આરોપી નં.૧ દીપુભાઇ ગુલાબભાઇ શેખલીયા, ઉ.વ.૩૫,<br>આરોપી નં.૨ જયશુખભાઇ લક્ષમણભાઇ શેખલીયા, ઉ.વ.૨૬, રહે.બંને કાનીયાડ , તા.,જિ.બોટાદ.</td></tr>
<tr><td>રજૂઆત</td><td>વિદ્વાન વકીલશ્રી વી.એ.મારૂ</td></tr>
</table>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૬/૧૦/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૦/૧૦/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ(ચાર્જશીટ) | ૦૯/૧૨/૨૦૨૪ |

| | |
|---|---|
| તહોમતનામાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૦૮/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

## //આરોપીની વિગત//

| અનુ. નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયનો સમયગાળો ફો.કા.સંહિતાની કલમ ૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | દીપુભાઇ ગુલાબભાઇ શેખલીયા | ૨૦/૧૧/ ૨૦૨૪ | ૨૭/૦૭/ ૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩, ૬૨, ૧૨૫, ૫૪ મુજબ. | નિર્દોષ | - | - |
| ૦૨ | જયશુખભાઇ લક્ષમણભાઇ શેખલીયા | ૨૦/૧૧/ ૨૦૨૪ | ૨૭/૦૭/ ૨૦૨૪ | | | | |

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

**એ. ફરિયાદપક્ષઃ–**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| **ફ.સ.૦૧.** | ગૌરવભાઇ અશ્વીનભાઇ બોડા | ફરીયાદી |
| **ફ.સ.૦૨.** | પ્રવિણભાઇ વિનુભાઇ તલસાણીયા | પંચ |
| **ફ.સ.૦૩.** | પ્રવિણભાઇ ગોરધનભાઇ તલસાણીયા | પંચ |
| **ફ.સ.૦૪.** | સિધ્ધાંતકુમાર ભરતભાઇ હરપાળ | સાહેદ |
| **ફ.સ.૦૫.** | વશરામઇ લાખાભાઇ ઘેડ | સાહેદ |

| | | |
|---|---|---|
| **ફ.સ.૦૬.** | પ્રવિણભાઇ ભીમજીભાઇ તલસાણીયા | સાહેદ |
| **ફ.સ.૦૭.** | વિપુલભાઇ પરસોત્તમભાઇ તલસાણીયા | સાહેદ |
| **ફ.સ.૦૮.** | શાન્તીભાઇ પરસોત્તમભાઇ તાવીયા | સાહેદ |
| **ફ.સ.૦૯.** | ડો. ભાવેશ અંણીયાળીયા | ડો. સાહેદ |
| **ફ.સ.૧૦.** | મનોજભાઇ ગોરધનભાઇ ડાભી | ત.ક.અ. |

**બી. બચાવપક્ષઃ–**

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | – | – |

**સી. કોર્ટ વિટનેશઃ–**

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી**

**અ. ફરિયાદપક્ષઃ–**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **૦૧** | **૧૦** | ફરીયાદી ગૌરવભાઇ અશ્વીનભાઇ બોડાને। પુરાવો |
| **૦૨** | **૧૧** | અસલ ફરીયાદ |
| **૦૩** | **૧૨** | પંચ પ્રવિણભાઇ વિનુભાઇ તલસાણીયાને। પુરાવો |
| **૦૪** | **૧૩** | સ્થા. જગ્યાનુ પંચનામુ |
| **૦૫** | **૧૪** | સા.સિધ્ધાંતકુમાર ભરતભાઇ હરપાળને। પુરાવો |
| **૦૬** | **૧૫** | સા.વશરામઇ લાખાભાઇ ઘેડને। પુરાવો |
| **૦૭** | **૧૬** | સા.પ્રવિણભાઇ ભીમજીભાઇ તલસાણીયાને। પુરાવો |
| **૦૮** | **૧૭** | સા. શાન્તીભાઇ પરસોત્તમભાઇ તાવીયાને। પુરાવો |
| **૦૯** | **૧૯** | સા વિપુલભાઇ પરસોત્તમભાઇ તલસાણીયાને। પુરાવો |

| | | |
|---|---|---|
| **૧૦** | **૨૦** | સારવાર પ્રમાણપત્ર |
| **૧૧** | **૨૧** | ત.ક.અ. મનોજભાઇ ગોરધનભાઇ ડાભીનો પુરાવો |
| **૧૨** | **૨૩** | અસલ ડેપ્યુટ હુકમ |

## //જજમેન્ટ//

**(૦૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે,** તા. ૦૬/૧૦/૨૦૨૪ના રાત્રીના દસ વાગ્યાના વખતે મોઢુકા ગામેથી આગળ ઘેલા સોમનાથ રોડ ઉપર ઉપર આવેલ સોના કુબા સીમ શાળાની અંદર આ કામના આરોપી પી.જી.વી.સી.એલ કંપનીની મીલકત જેવી કે ટ્રાન્સફોરમર તથા વાયર ચોરી કરવાના ઈરાદે રાત્રીના સમયે આવી નિશાળમાં પ્રવેશ કરી જેમા આરોપી નં-(૧) દિપુભાઇ ગુલાબભાઇ શેખલીયાએ પોતાની જીંદગી જોખમમાં મુકી ટી.સી ઉપર ચડતા શોર્ટ આવતા નિચે પડતા હાથે તથા શરીરે ઈજા થયેલ તથા પુનાભાઈ ધીરૂભાઇ શેખલીયા તથા જયસુખભાઇ લખમનભાઇ શેખલીયા રહે-કાનીયાડ તા.જી.બોટાદ વાળા રીક્ષા લઈ નાસી ગયેલ હોય અને આ કામના આરોપી નં-૧ તથા આરોપી નં-૩ નાઓને અટક કરી આરોપી નં-૨ કાયદાના સંઘર્ષમા આવેલ બાળ કિશોર હોય જેથી તેમની વિરૂધ્ધ અલગથી બાળ અદાલતમા ચાર્જશીટ કરેલ. હોય તેમજ આરોપી નં-૧ તથા આરોપી નં-૩ નાઓએ **બી.એન.એસ.એસ.ની કલમ-૩૦૩, ૬૨, ૧૨૫, ૫૪ મુજબ શીક્ષાપાત્ર ગુનો કરેલ છે અને તેમના વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા હોય પડેલ પુરાવાના આધાર ઈન્સાફ થવા ચાર્જશીટ રજૂ કરેલ છે.**

**(૦૨) ત્યારબાદ આરોપીને સમન્સ કરતાં,** આરોપી હાજર થતાં આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, **આંક-૦૬થી તહોમતનામું ફરમાવેલ હતું અને આંક-૦૭ તથા આંક-૦૮ થી આરોપીઓની ગુના સંબંધેની પ્લી રેકર્ડ કરેલ હતી,** જેમાં

આરોપીઓએ ગુનાનો ઈનકાર કરતાં**, આરોપીઓ સામે ગુનાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.**

(૦૩) **આ કેસમાં મહત્ત્વના સાક્ષીઓ તપાસાયા બાદ,** ફરિયાદપક્ષ તરફથી પુરાવો પુરો થયાનું જાહેર થયા બાદ આરોપીઓનું **બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧** અન્વયે વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ પોતાની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવી છોડી મુકવા રજૂઆત કરી છે. **આરોપીઓએ બચાવનાં સાહેદો તપાસેલા નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી.**

(૦૪) **ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીનાઓની ફરિયાદપક્ષે તથા આરોપીપક્ષના વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલી છે.**

(૦૫) **આ કેસનાં ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.**

**મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,** તા. ૦૬/૧૦/૨૦૨૪ના રાત્રીના દસ વાગ્યાના વખતે મોઢુકા ગામેથી આગળ ઘેલા સોમનાથ રોડ ઉપર ઉપર આવેલ સોના કુબા સીમ શાળાની અંદર આ કામના આરોપી પી.જી.વી.સી.એલ કંપની મીલકત જેવી કે ટ્રાન્સફોરમર તથા વાયર ચોરી કરવાના ઈરાદે રાત્રીના સમયે આવી નિશાળમાં પ્રવેશ કરી જેમા આરોપી નં–(૧) દિપુભાઈ ગુલાબભાઈ શેખલીયાએ પોતાની જીંદગી જોખમમાં મુકી ટી.સી ઉપર ચડતા શોર્ટ આવતા નિચે પડતા હાથે તથા શરીરે ઈજા થયેલ તથા પુનાભાઈ ધીરૂભાઈ શેખલીયા તથા જયસુખભાઈ લખમનભાઈ શેખલીયા રહે–કાનીયાડ તા.જી.બોટાદ વાળા રીક્ષા લઈ નાસી ગયેલ હોય અને આ કામના આરોપી નં–૧

તથા આરોપી નં–૩ નાઓને અટક કરી આરોપી નં–૨ કાયદાના સંઘર્ષમા આવેલ બાળ કિશોર હોય જેથી તેમની વિરૂધ્ધ અલગથી બાળ અદાલતમા ચાર્જશીટ કરેલ. હોય તેમજ આરોપી નં–૧ તથા આરોપી નં–૩ નાઓએ **બી.એન.એસ.એસ.ની કલમ–૩૦૩, ૬૨, ૧૨૫, ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુના કરેલ છે?**

**મુદ્દા નં.૨ શું હુકમ ?**

(૫.૧) **ઉપરોક્ત મુદ્દાઓનાં ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.**

**મદ્દા નં.૧ નકારમાં.**

**મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.**

**//નિર્ણય અંગેના કારણો//**

**<u>મુદ્દા નં.૦૧થી ૦૨.</u>**

**(૦૬) ઉપરોક્ત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી હકીકતોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા /પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે છે.**

**આ કામના આરોપી સામે બી.એન.એસ.એસ.ની કલમ–૩૦૩, ૬૨, ૧૨૫, ૫૪ મુજબના ગુનાના આક્ષેપ છે. સદર આક્ષેપિત ગુનાના આવશ્યક તત્ત્વો નીચે મુજબ છે.**

**<u>બી.એન.એસ.ની કલમ–૩૦૩ના આવશ્યક તત્ત્વોઃ–</u>**

૧. મિલકત જંગમ હોવી જોઈએ.

૨. એ મિલકત કોઈના કબજામાં હોવી જોઈએ.

૩. એ વ્યક્તિના કબજામાંથી એ મિલકત લઈ લેવાનો અપ્રાણિક ઈરાદો.

૪. એ વ્યક્તિની સંમતિ સિવાય એ મિલકત લેવાયેલી હોવી જોઈએ.

૫. આવી રીતે લેવા માટે મિલકત ખસેડેલી હોવી જોઈએ.

**<u>બી.એન.એસ.ની કલમ–૧૨૫ના આવશ્યક તત્ત્વોઃ–</u>**

૧. આરોપીએ કોઇ કૃત્ય બેફામ રીતે અથવા બેદરકારીપુર્વકનું કર્યું હોવું જોઇએ.

૨. આવા કૃત્યથી માનવ જીવન અથવા અન્ય લોકોની શારીરિક સલામતી જોખમમાં મુકાવી જોઇએ.

**<u>બી.એન.એસ.ની કલમ–પ૪ના આવશ્યક તત્ત્વોઃ–</u>**

૧. મુખ્ય ગુનો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુનાની મદદગારી કરવામાં આવી હોય તે ગુનો બન્યો હોવો જોઈએ.

૨. તે મુખ્ય ગુનામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

૩. ગુનો બને ત્યારે મદદગારીની હાજરી ત્યાં હોવી જોઈએ.

**<u>બી.એન.એસ.ની કલમ–૬૨:–</u>**

જે કોઈ વ્યક્તિ, આ અધિનિયમથી આજીવન કેદ અથવા કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની અથવા કરાવવાની કોશિશ કરે અને એવી કોશિશ કરતાં ગુનો કરવા માટે કંઈ કૃત્ય કરે તેને, એવી કોશિશની શિક્ષા કરવા માટે આવા અધિનિયમમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી ન હોય, તો તે ગુના માટે ઠરાવેલી બેમાંથી કોઈ પ્રકારની, યથાપ્રસંગ, આજીવન કેદની અથવા તે ગુના માટે ઠરાવેલી વધુમાં વધુ મુદતથી અર્ધી મુદત સુધીની કેદની અથવા તે ગુના માટે ઠરાવેલી દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**હાલના ચુકાદામાં ઉપરોક્ત આવશ્યક તત્ત્વો ધ્યાનમાં રાખી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.**

**(૦૭) ભારતીય સાક્ષ્ય ધારાની કલમ–૨ તથા કલમ–૧૬૮ ના પ્રબંધો ધ્યાને લેવામાં આવે તો** પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકીકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન **ભારતીય સાક્ષ્ય ધારાની કલમ–૧૦૪થી કલમ–૧૨૧ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે.** ફોજદારી ઈનસાફી કાર્યવાહીનો સિદ્ધાંત છે કે, ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ **ભારતીય સાક્ષ્ય ધારાની કલમ–૨**માં જણાવ્યા પ્રમાણે સાબિત તથા ના–સાબિતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવો પડે અને જો ફરિયાદપક્ષના કેસમાં કોઈપણ

પ્રકારની શંકા ઊભી થાય તો તેનો સીધો લાભ આરોપીને મળે અને આરોપી જો તેમનો બચાવ સાબિત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીના સિદ્ધાંત મુજબ સાબિત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીપક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે, નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરિયાદપક્ષને મળે નહિ અને વાજબી શંકાથી પર ફરિયાદપક્ષનો કેસ સાબિત થાય નહિ અને જેથી ફરિયાદપક્ષે મળે નહિ અને વાજબી શંકાથી પર ફરિયાદપક્ષનો ભાર હંમેશા ફરિયાદપક્ષ ઉપર જ રહે છે તે ક્યારેય આરોપીપક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતાં આરોપીપક્ષે **બી.એન.એસ.ની કલમ–૧૪ થી ૪૪** મુજબનો કોઈ સ્પષ્ટ બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી અને જેથી **ભારતીય સાક્ષ્ય ધારાની કલમ–૦૨, ૧૧૦૪થી ૧૨૧**ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે.

*નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **Jayantilal Kuberdas Sharma vs State of Gujarat ((2007) 1 GLR 99)** માં ઠરાવેલ છે કે,*

*The Court Must Bear In Mind The Set Up And The Circumstances In Which The Crime Is Committed, The Quality Of Evidence, Nature And Temperament Of The Witnesses, The Level Of Understanding And Power Of Perception And Examination Of Individual Witness And Probability In Ordinary Course Of Nature About The Act Complained Of As Might Have Been Witnessed By The Witnesses.*

***ઉપરોક્ત સિદ્ધાંત મુજબ રજૂ પુરાવાનું મુલ્યાંકન કરી નિર્ણય લેવામાં આવેલ છે.***

**(૦૮) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી ફરીયાદી ગૌરવભાઈ અશ્વીનભાઈ બોડાને આંક–૧૦થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. મજકૂર સાહેદે તેમની જુબાની દરમિયાન જણાવેલ છે કે,** બનાવ તા. ૦૬/૧૦/૨૪ ના રોજ બનેલ હતો. બનાવના દિવસે હું મારા ઘરે વીંછીયા ખાતે હતો ત્યારે આશરે રાત્રીના દસેક વાગ્યાની આસપાસ મારા ફોનમા ફોન આવતા તેઓએ પોતાનુ નામ પ્રવીણભાઈ જણાવેલ અને તેઓ પેતો સોનાકુબા સીમ શાળાના પ્રિન્સીપાલ છે તેવુ જણાવેલ અને તેઓએ જણાવેલ કે તેમની સીમ શાળાના મેદાનમા આવેલ ટી.સી. પાસે એક વ્યકિતને વીજ શોક લાગેલ છે તેથી તેઓએ ૧૦૮ ને બોલાવીને વીજ શોક લાગેલ વ્યકિતને વીંછીયા સરકારી દવાખાને લઈ ગયેલ. આ બનાવની જાણ થતા હું તથા મારી ઓફીસમા જુની. એન્જીનીયર તરીકે ફરજ બજાવતા એસ.બી. હરપાલ તથા અમારા ડ્રાઈવર વી.એલ. ઘેડનાઓની સાથે સરકારી દવાખાને પહોંચેલ ત્યારે ડોકટર શ્રી એ વીજ શોક લાગેલ વ્યકિતને સારવાર આપેલ હતી ત્યારબાદ વીજ શોક લાગેલ વ્યકિતનુ નામ તથા તે વ્યકિતને વીજ શોક કઈ રીતે લાગતા તે બાબતે પુછતા તેઓએ જણાવેલ કે તેમનુ નામ દિપુભાઈ ગુલાબભાઈ શેખલીયા જણાવેલ વધુમા તેઓએ જણાવેલ કે તેઓ તેમના બે મીત્રો સાથે રીક્ષા લઈ માતાજીના દર્શન કરી પાછા ફરતા હતા ત્યારે તેમના મીત્રએ તેમને રસ્તામા આવેલા સોનાકુબા સીમ શાળામાથી પીળો વાયર લઈ જવાનો છે તેવુ કહેલ જેથી તેઓ સીમ શાળાની અંદર ગયેલા અને દિપુભાઈ ગુલાબભાઈ શેખલીયા ટ્રાન્સફોર્મર પર ચડીને ડી.ઓ. ઉતારવા જતા તેમનો હાથ વાયરને અડી ગયેલ હોય જેથી તેઓને વીજ શોક લાગતા નીચે પડી ગયેલા જેથી તેમના મીત્રો રીક્ષા લઈ ને ભાગી ગયેલા. દિપુભાઈ ગુલાબભાઈ શેખલીયાને વીજ શોક લાગતા તેઓ બુમો પાડવા લાગેલા જેથી આજુબાજુથી માણસો ભેગા થઈ જતા તેઓને સારવાર અર્થે દવાખાને મોકલી દીધેલા.

ત્યારબાદ હું તથા મારા કચેરીના જુની. એન્જી. એસ.ડી. હરપાલ તથા ડ્રાઈવર વી.એલ.ઘેડ સોનાકુબા સીમ શાળા બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યા જઈને સ્થળ ઉપર જોતા સોનાકુબા સીમ શાળાના મેદાનમા પી.જી.વી.સી.એલ. નો વીજ થાંભલો આવેલ હતો અને તેના ઉપર એક ટ્રાન્સફોર્મર લાગેલ હતુ. આ ટ્રાન્સફોર્મરનો એક ડી.ચો. સંપુર્ણપણે કપાયેલ હાલતમા હતો અને બીજો ડી.ચો. અર્ધ કપાયેલ હાલતમા લટકતો હતો અને બનાવવાળી જગયાએ એક પકડ તથા એક વાંદરી પાનુ પડેલ હતુ ત્યારબાદ આરોપીઓ ચોરી કરવાના ઈરાદાથી આવેલ હોય જેથી ત્રણેય આરોપી વિછરૂધ્ધ અમોએ વીંછીયા પો.સ્ટે. મા ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા ફરીયાદી તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને પુરાવામા રજુ દાખલ **આંક ૧૧** આપવામા આવે છે. આરોપીઓને હું હાલ જોયેથી ઓળખી શકુ નહી.

(૮.૧) **આરોપી તરફેની ઊલટતપાસમાં મજકૂર સાહેદે જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે હાલના બનાવની ફરીયાદ અમોએ ચાર દિવસ મોડી આપેલી છે. એ વાત ખરી છે કે હાલનો બનાવ બન્યો ત્યારે હુ મારા ઘરે હતો. એ વાત ખરી છે કે બનાવની જાણ મને ફોન દવારા થયેલી. એ વાત ખરી છે કે બનાવની હકીકતો શાળાના આચાર્ય દવારા ફોનથી જણાવેલ તે અમોએ સાચી માની લીધેલી. એ વાત ખરી છે કે બનાવ રાત્રીના સમયે બનેલો. એ વાત ખરી છે કે આરોપી નંબર ૧ દિપુભાઈનો અમોએ દવાખાને જઈને કોઈ આધાર પુરાવો તપાસેલ નહી. એ વાત ખરી છે કે હાલના આરોપી નં. ૧ પોતાનુ જે નામ જણાવેલ તે અમોએ સાચુ માની લીધેલુ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી કોઈ વસ્તુ ચોરી થયેલ નથી. એ વાત ખરી

છે કે આ કામના આરોપી નં. ૧ દિપુભાઈએ મારી ફરીયાદમા એવુ જણાવેલ નથી કે પીળા કલરનો વાયર ચોરી કરવો છે. એ વાત ખરી છે કે આરોપીઓ કુબા સીમ શાળામા ચોરી કરતા હોય કે ચોરી કરવાનો પ્ર યત્ન કરતા હોય તેવુ કોઈ વ્યકિતએ નજરે જોયેલ નથી. એ વાત ખરી નથી કે ડી.ઓ. પવનના કારણે પડી જતા હોય છે. એ વાત ખરી છે કે ટેકનીકલ ખામી સર્જાતા ડી.ઓ. ઉડી જતા હોય છે. એ વાત ખરી છે કે પકડ કે વાંદરીપાનુ હાલના આરોપીઓના હાથમા હોય તેવુ મે મારી ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે સીમ શાળાની આજુબાજુ ખેતરો આવેલા છે. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ મે મારા ઉપરી અધિકારીની સુચના મુજબ આપેલી. એ વાત ખરી છે કે ઉપરી અધિકારીએ હાલની ફરીયાદ કરવા મન અધિકૃત કરેલ છે પરંતુ લેખીતમા કોઈ ઓથોરીટી લેટર આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપી નં. ૨ જયસુખભાઈ ને આજદિન સુધી જોયેલ નથી તેમજ હું તેમને ઓળખતો નથી. એ વાત ખરી છે કે મે પોલીસને ફરીયાદના કામે કોઈ વીશેષ નિવેદન આપેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ આપ્યા બાદ અમારે આ બનાવ બાબતે પોલીસ સ્ટેશન જવાનુ થયેલુ.

**(૦૯) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સ્થા. પંચ પ્રવીણભાઇ વિનુભાઇ તલસાણીયાને આંક-૧૨થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. મજકૂર સાહેદે તેમની જુબાની દરમિયાન જણાવેલ છે કે,** પોલીસે મને વર્ષ ૨૦૨૪ના ૧૦ માં મહીનામાં સોનાકુબા સીમશાળામાં બોલાવેલ અને ત્યાં એક ભાઇને વીજ શોર્ટ લાગેલ હોવાથી અમે ત્યાં ગયેલા અને ૧૦૮ને ફોન કરીને બોલાવી અને વીંછિયા દવાખાને મોકલેલ અને પોલીસ વાળા અમોને પુછપરછ કરેલ કે કંઇ જગ્યા પર પડેલ હતા જેથી અમોએ જગ્યા બતાવેલ અને તે સીવાય બીજું કંઇ જણાવેલ નહીં. ત્યાં સીમ શાળા આવેલ છે અને તેની આજુબાજુ ખેતીની જમીન આવેલી છે. ત્યારબાદ મે પંચનામામાં સહી કરેલી.

મને અસલ સ્થાનિક જગ્યાનું પંચનામુ બતાવવામા આવે છે. જેમા પંચ નં–૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છું જે પુરાવામાં રજુ દાખલ **આંકઃ–૧૩** આપવામા આવે છે.

**(૯.૧) આરોપી તરફે સદરહું સાહેદની ઊલટતપાસમાં મજકુર સાહેદ જણાવે છે કે ,**એ વાત ખરી છે કે પોલીસે મારુ માત્ર નામ ઠામ પુછેલું તે સીવાય બીજું કંઇ પુછેલું નહીં. એ વાત ખરી છે કે પોલીસે મારી તૈયાર કાગળમાં સહી લીધેલી.

**(૧૦) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ સિધ્ધાંતભાઇ ભરતભાઇ હરપાળને આંક–૧૪થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. મજકૂર સાહેદે તેમની જુબાની દરમિયાન જણાવેલ છે કે,** હુ બનાવ સમયે પી.જી.વી.સી.એલ. મા જુનીયર ઈજનેર તરીકે નોકરી કરતો હતો. બનાવ તા. ૦૬/૧૦/૨૦૨૪ ના રોજ બનેલો હતો. બનાવ વખતે હું વીંછીયા મુકામે હતો ત્યારે બનાવની જાણ મને ફોન દવારા મોઢુકા સ્કુલના પ્રિન્સીપાલ શ્રી એ કરેલ અને જણાવેલ કે સ્કુલના કેમ્પસમા બે માણસો રીક્ષા લઈને આવેલ હતા તેમાથી એક વ્યકિતને શોટ આવેલ છે અને તે નીચે પડેલ છે જેથી તમે સ્કુલમા આવો તેવુ જણાવેલ. ત્યારબાદ હું તથા મારા ઉપરા અધિકારી એમ બંને જણા મોઢુકા સ્કુલમા ગયેલ અને ત્યા જઈને જોયુ તો સ્કુલના કેમ્પસમા પકડ અને પાના તથા એક ચપ્પલ પડેલ હતુ અને ત્યા એક માવો પડેલ હતો તથા એક સોટી જેવુ પડેલ હતુ ત્યારબાદ અમો હોસ્પીટલ ગયેલ ત્યા તેઓનુ નામ–ઠામ પુછતા તેઓએ તેઓનુ નામ વિપુલભાઈ ગુલાબભાઈ શેખલીયા જણાવેલ પરંતુ ખરૂ નામ દિપુભાઈ ગુલાબભાઈ શેખલીયા રહે . કાનીયાડ જી. બોટાદના હતા ત્યારબાદ દિપુભાઈએ સ્વીકારેલ કે ૫ કે.વી.એ ના ટ્રાન્સફોર્મરની ચોરી કરવા બે જણ રીક્ષા લઈને આવેલ હતા અને મને શોટ લાગતા બીજો વ્યકિત જે મારી સાથે હતો તે રીક્ષા લઈને ભાગી

ગયેલ. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલુ. આરોપી દિપુભાઈને હું જોયેથી કદાચ ઓળખી શકુ.

**(૧૦.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં મજકૂર સાહેદે જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે હું વીંછીયા જી.ઈ.બી.મા જુનીયર ઈજનેર તરીકે નોકરી કરુ છુ. એ વાત ખરી છે કે બનાવની જાણ મને સ્કુલના આચાર્યએ ફોન દવારા કરેલી. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે " મને અમારા જી.ઈ.બી. ના ઓફીસના નાયબ ઈજનેર ગૌરવ સાહેબનો ફોન આવેલ અને બનાવ બાબતે વાકેફ કરેલ". એ વાત ખરી છે કે ફોન આવ્યા બાદ અમો પ્રથમ હોસ્પીટલે ગયેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે સ્કુલ જવા નીકળેલા પરંતુ અમોને જાણખ થયેલ કે દિપુભાઈને સરકારી હોસ્પીટલ વીંછીયા ખાતે લઈ આવેલ છે જેથી અમો હોસ્પીટલ ગયેલા. એ વાત ખરી છે કે શોટ લાગનાર વ્યકિતનુ નામ દિપુભાઈ છે તે અમોને બીજા વ્યકિત પાસેથી જાણવા મળેલુ. એ વાત ખરી છે કે સ્કુલમા ગયેલા ત્યા ચપ્પલ પડેલુ તે દિપુભાઈનુ છે તેવુ હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે પકડ તથા પાના બનાવ સ્થળે દિપુભાઈ લાવેલા તેવુ પણ હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે આરોપી નંબર ૨ ને મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે અમો જી.ઈ.બી. નાયબ ઈજનેર તરીકે નોકરી કરતા હોય અને અમારા જ ઓફીસના નાયબ ઈજનેર ગૌરવ સાહેબે ફરીયાદ આપેલ હોય જેના સમર્થનમા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૧૧) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ વશરામભાઈ લાખાભાઈ ઘેડને આંક-૧૫થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. મજકૂર સાહેદે તેમની જુબાની દરમિયાન જણાવેલ છે કે,** બનાવ કયારે અને બનાવમા શુ બનેલુ તેની મને કોઈ જાત માહીતી નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નહી.

**(૧૧.૧) સદર સાહેદ ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોય ત્યારબાદ વી.એ.પી.પી.શ્રી દવારા સદર સાહેદની ઉ.ત. કરવામાં આવેલ હોય તેમાં તેઓ સ્વીકારે છે કે,** એ વાત ખરી છે કે તા. ૦૬/૧૦/૨૪ ના મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવી હકીકત લખાવેલ કે બનાવના દિવસે હું વીંછીયા ખાતે જી.ઈબી. ની ઓફીસે હાજર હતો અને ઓફીસના નાયબ ઈજનેર સાહેબનો ફોન આવેલ અને મને જણાવેલ કે આપણા વિસ્તારમા આવેલ મોઢુકા ગામે સુના–કુબા વિસ્તારમા આવેલ સીમ શાળામા આવેલ ટીસીમા કોઈ અજાણ્યા માણસને શોટ આવેલ છે. એ વાત ખરી છે કે જે માણસને શોટ લાગેલ તે નીચે પડેલ અને તેમને ઈજા થયેલ હોય જેથી સ્કુલના આચાર્ય તેમને ૧૦૮ મા વીંછીયા સરકારી દવાખાને મોકલેલ અને હું તથા સાહેબ સાથે ગાડી લઈને ગયેલ અને ત્યા એક અજાણ્યા માણસને હાથે તથા શરીરે શોટ લાગેલ હોય અને પાટા બાંધેલા હતા જે વ્યકિતને શોટ લાગેલ તેનુ નામ મને ખબર નથી.

**(૧૧.૨) આરોપી તરફેની ઊલટતપાસમાં મજકૂર સાહેદ જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે અમારા જી.ઈ.બી. ઓફીસના નાયબ ઈજનેર ગૌરવ સાહેબે બનાવ બાબતે ફોન આવેલ. એ વાત ખરી નથી કે પોલીસે મારુ કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારી બનાવ બાબતે કોઈ પુછપરછ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના આરોપીનુ નામ–ઠામ મને આવડતુ નથી. એ વાત ખરી છે કે આરોપી નંબર ૨ ને મે કયારેય જોયેલ નથી કે તેમનુ નામ પણ મને આવડતુ નથી. એ વાત ખરી નથી કે અમારા નાયબ ઈજનેરે ફરીયાદ કરેલ હોય જેના સમર્થન સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૧૨) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ પ્રવીણભાઇ ભીમજીભાઇ તલસાણીયાને આંક–૧૬થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. મજકૂર સાહેદે તેમની જુબાની દરમિયાન જણાવેલ છે કે,** બનાવ ઓકટોબર મહીનામા અને વર્ષ–૨૦૨૪ ની સાલમા બનેલો હતો. હું શ્રી સોના–કુબા પ્રાથમીક શાળામા પ્રિન્સીપાલ તરીકે નોકરી કરુ છુ. બનાવ વખતે હું મારા ગામે સનાળી મુકામે હતો ત્યારે મારા એક વિદ્યાર્થીના વાલીએ મને ફોન કરીને જણાવેલ કે સ્કુલના કેમ્પસમા એક માણસને શોટ આવેલ છે જેથી તેઓ નીચે પડેલ છે જેથી તમે સ્કુલમા આવો તેવુ જણાવેલ. ત્યારબાદ હું મારુ મોટર સાઈકલ લઈને સ્કુલમા ગયેલ અને ત્યા જઈને જોયુ તો જે ભાઈને શોટ લાગેલ તે ભાઈ નીચે પડેલ હતા અને આજુ–બાજુ વીધાર્થીના વાલીઓ ઉભા હતા ત્યારબાદ શોટ લાગેલ વ્યકિતીનુ નામ–ઠામ પુછતા તેઓએ પોતાનુ નામ દિપુભાઈ શેખલીયા હોવાનુ જણાવેલ ત્યારબાદ દિપુભાઈને ઈજા થયેલ હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ ને ફોન કરેલ અને તેઓને સરકારી દવાખાને વીંછીયા ખાતે સારવાર માટે મોકલેલ. દિપુભાઈ સાથે બીજા કોઈ વ્યકિત હાજર ન હતા. દિપુભાઈ થાંભલા ઉપર ચડતા તેઓને શોટ લાગેલ. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી. આરોપીને હું સામે આવે તો કદાચ ઓળખી શકુ.

**(૧૨.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં મજકૂર સાહેદે જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે મોઢુકા ગામે આવેલ સોના–કુબા સીમ શાળામા આચાર્ય તરીકે નોકરી કરુ છુ. એ વાત ખરી છે કે બનાવ સમયે રાત્રીનો સમય હોય બનાવવાળી જગ્યાએ અંધારૂ હતુ. એ વાત ખરી છે કે શોટ લાગનાર વ્યકિતનુ નામ દિપુભાઈ હતુ તેવા કોઈ આધાર પુરાવા મે જોયેલા નથી. એ વાત ખરી છે કે હાલના આરોપીને શોટ ટીસી ઉપર ચડવાથી લાગેલ છે કે કેમ તેવુ

અમોએ અનુમાન લગાડેલુ. પોલીસને મે કઈ તારીખે નિવેદન આપેલુ તે તારીખ મને હાલ યાદ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવના બાદ બે થી ત્રણ દિવસ પછી આપેલુ. એ વાત ખરી છે કે ૧૦૮ ને મે બોલાવેલી. એ વાત હાલ મને યાદ નથી કે બનાવ સમયે દિપુભાઈના હાથમા પકડ હતુ કે કેમ. એ વાત ખરી નથી કે અમારા ગામના વિપુલભાઈનો ફોન આવેલો અને આચાર્ય તરીકે સોના–કુબા નીશાળ સીમ શાળામા ગયેલા હોય જેથી આ ફરીયાદ આપેલ હોય જેના સમર્થનમા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૧૩) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ શાંતીભાઇ પરસોત્તમભાઇ તાવીયાને આંક–૧૮થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. મજકૂર સાહેદે તેમની જુબાની દરમિયાન જણાવેલ છે કે,** બનાવ કયારે અને બનાવમા શુ બનેલુ તેની મને ખબર નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નહી. **હાલના સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય તેમને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ કોઇ ફળદાયી હકીકત જણાવી શકેલ નથી.**

**(૧૩.૧) આરોપીના વી.વ.શ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

**(૧૪) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ વિપુલભાઇ પરસોત્તમભાઇ તલસાણીયાને આંક–૧૯થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. મજકૂર સાહેદે તેમની જુબાની દરમિયાન જણાવેલ છે કે,** બનાવ કયારે અને બનાવમા શુ બનેલુ તેની મને ખબર નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નહી. **હાલના સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય તેમને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ કોઇ ફળદાયી હકીકત જણાવી શકેલ નથી.**

**(૧૪.૧) આરોપીના વી.વ.શ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

**(૧૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી ત.ક.અ. મનોજભાઇ ગોરધનભાઇ ડાભીને આંક–૨૨થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. મજકૂર સાહેદે તેમની જુબાની દરમિયાન જણાવેલ છે કે,** તા. ૧૦/૧૦/૨૪ ના રોજ અમો વીંછીયા પો. સ્ટે. મા પો. હેડ કોન્સ. તરીકે અમારી ફરજ ઉપર હતા ત્યારે વીંછીયા પો.સ્ટે. જેના ગુ.ર.નં. ૦૩૬૭/૨૪ બી.એન.એસ. કલમ–૩૦૩, ૬૨, ૧૨૫, ૫૪, મુજબ આ કામના આરોપીએ પી.જી.વી.સી.એલ. કંપની મિલકત જેવી ટ્રાન્સફોર્મર તથા વાયર ચોરી કરવાના ઈરાદે રાત્રીના સમયે નિશાળમા પ્રવેશ કરી જેમા આરોપી નં. ૧ દિપુભાઈ ગુલાબભાઈ શેખલીયા પોતાની જીંદગી જોખમમા મુકી ટી.સી. ઉપર ચડતા શોટ આવતા નીચે પડી જતા હાથે તથા શરીરે ઈજા થયેલ હતી તથા પુનાભાઈ ધિરૂભાઈ શેખલીયા તથા જયસુખભાઈ લખમણભાઈ શેખલીયાનાઓ રીક્ષા લઈને નાસી ગયેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ વીંછીયા પો.સ્ટે. ગુનો રજીસ્ટર થયેલ. ત્યારબાદ પી.એસ.ઓ દવારા આગળની તપાસ મને સોંપતા ત્યારબાદ અમોએ તપાસ સંભાળી લીધેલ જે અસલ ડેપ્યુટ હુકમ આજરોજ રજુ કરુ છુ જેને પુરાવામા રજુ દાખલ **આંક ૨૩** આપવામા આવે છે. ત્યારબાદ તપાસના કામે અમોએ પંચો રૂબરૂ પંચોના લખાવ્યા મુજબ સ્થાનીક જગ્યાનુ પં ચનામું લખી ત્યારબાદ પંચોએ સહીઓ કરેલ ત્યારબાદ મે સહી કરેલ જે સહી હું ઓળખી બતાવુ છુ જે સદર કારે **આંક ૧૩**થી રજુ છે ત્યારબાદ ઈજા પામનારનુ સારવાર સર્ટી. મેળવી ચાર્જશીટ સાથે સામેલ રાખેલ જે **આંક ૨૦** થી રજુ છે ત્યારબાદ તપાસના કામે લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ. આમ આરોપી નં. ૧ તથા ૩ નાઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ ત્યારબાદ આરોપી નં. ૨ બાળ કિશોર હોય જેથી

તેમની વિરૂધ્ધ અલગથી બાળ અદાલતમા ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ જેઓ આજરોજ કોર્ટમાં હાજર નથી. આરોપીઓની ઓળખ અંગેની તકરાર બચાવ પક્ષે જતી કરવામા આવે છે.

**(૧૫.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં મજકૂર સાહેદે જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે ગુનાની સંપુર્ણ તપાસ મે કરેલી. એ વાત ખરી છે કે ગુનો બન્યા બાદ ચાર દિવસ બાદ પંચનામુ કરેલુ. એ વાત ખરી નથી કે મે જે પંચનામા કરેલા તે મે મારી જાતે અને ખોટા પં ચનામા પોલીસ સ્ટેશને બેસીને તૈયાર કરેલા છે. એ વાત ખરી નથી કે કહેવાતા સમયે અને સ્થળે આરોપી નંબર ૨ મુદામાલ સાથે મળી આવેલ ન હોવા છતા આરોપી સાથે ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી નંબર ૨ ને ઓળખતા ન હોવા છતા ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

**(૧૬) વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તરફથી ફરિયાદી તથા અન્ય મહત્ત્વના સાહેદો તપાસવામાં આવ્યા બાદ** ફરિયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાનું જાહેર થયા બાદ તેઓએ જણાવેલ કે તેઓ આ કામે વધુ સાક્ષી તપાસવા માંગતા નથી. આથી અત્રેની કોર્ટને અન્ય બિનજરૂરી સાહેદો તપાસવાથી કોઈ નવો પુરાવો રેકર્ડ પર આવશે નહિ, તેવું જણાતાં સદરહુ કેસ આરોપીના વિશેષ નિવેદન પર મુકવામાં આવેલ. વધુમાં જયારે કોર્ટને એમ જણાય કે મહત્ત્વના સાક્ષીઓને તપાસ્યા પછી કેસના ન્યાય નિર્ણય સુધી પહોંચવા માટેનું જરૂરી મટિરિયલ/પુરાવાઓ કોર્ટ સમક્ષ આવી ગયા છે. **ત્યારે બિનજરૂરી સાહેદોને તપાસવાની આવશ્કયતા રહેતી નથી.**

વધુમાં *નામદાર સુપ્રિમ કોર્ટે* ***INDERJEET SINGH Vs STATE (N.C.T OF DILHI) WITH AMAR SINGH Vs. STATE (N.C.T. OF DILHI)*** *–2020(0)* ***AIR(SC)****–4894 ના ચુકાદામાં ઠરાવેલ છે કે,* સામાન્ય નિયમ તરીકે કોઈ એક જ નજરે જોનાર સાહેદની જુબાની ઉપર જો તે વિશ્વસનીય જણાતો હોય તો કોર્ટ તેના ઉપર આધાર રાખી

શકે છે અને તેમાં કોઈ કાનૂની અવરોધ હોતો નથી. સાક્ષીઓની સંખ્યા નહિ પરંતુ ગુણવત્તા મહત્ત્વની છે. એવો સિદ્ધાંત છે. કે, પુરાવાનું મુલ્યાંકન થવું જોઈએ, ગણતરી નહિ અને આ જ **ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૩૯નો સિદ્ધાંત છે.** કોર્ટે માત્ર એટલું જ જોવાનું છે કે, પોતાની સમક્ષ રજૂ થયેલ પુરાવામાં સત્યતા, સબળતા, વિશ્વસનીયતા છે કે નહિ. **આથી અત્રેની કોર્ટે બિનજરૂરી સમય બગાડયા વગર માત્ર મહત્વના સાહેદો તપાસ્યા છે કે જેમની જુબાનીથી કેસના ન્યાય નિર્ણય સુધી પહોંચી શકાય.**

(૧૭) <u>પુરાવાનું મુલ્યાંકન –ચર્ચા</u>

આ કામે ફરિયાદપક્ષ તરફે તપાસાયેલા તમામ સાહેદોનો પુરાવો લક્ષ્યમાં લેવામાં આવે તો કોઇ પણ સાહેદે આરોપી નં.૧ને પી.જી.વી.સી.એલ.ની મિલકત જેવી કે ટ્રાન્સફોર્મર તથા વાયર ચોરી કરતા જોયલ નથી અથવા ચોરી કરવાના ઈરાદે આવેલ હોય તેવુ જાયેલ નથી અને આરોપીનં ૨ બનાવવાળી જગ્યાએથી નાશી જતા જોયેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યાએથી પકકડ તથા વાંદરીપાનુ પંચોની હાજરીમાં કબ્જે કરેલ હોય પરંતુ હાલના કામમાં પંચ સાહેદ એક તૈયાર કાગળમાં સહી લીધેલ હોય તેવુ જણાવેલ છે. જેથી સદર મુદામાલ બનાવવાળી જગ્યાએથી કબ્જે કરેલાનુ પંચની જુબાનીમાં પુરવાર થતુ નથી. આમ, હાલના કામે ત.ક.અ.એ કોઇપણ નજરે જોનાર સાહેદનુ નીવેદન લીધેલ નથી અને ફરીચદપક્ષ દવારા કોઇ નજરે જોનાર સાહેદને તપાસવામાં આવેલ નથી. વધુમાં, ફરીયાદપક્ષને એવો કેસ નથી કે હાલના કામના આરોપીઓએ બનાવવાળી જગ્યાએથી પી.જી.વી.સી.એલ. કંપનીની કોઇ વસ્તુ ચોરી કરેલ હોય. પરંતુ ફરીયાદપક્ષનો એવો કેસ છે કે, આરોપીઓ ચોરી કરવાના ઈરાદે આવ્યા હતા. આમ,આરોપીઓ વીરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૩૦૩ અને ૫૪ ના તત્વો આર્કશાતા નથી. વધુમાં હાલના આરોપીઓએ વિરૂધ્ધ પી.જી.વી.સી.એલ.ની મિલકત ચોરી કરવાના ઈરાદે આવેલ હોય અને આ કામના આરોપી નં ૧ ટી.સી. ઉપર ચડતા શોટ લાગી જતા ઈજા થયેલ હોય તેવુ પણ પુરવાર કરવા તદ્દન નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૬૨ના તત્વો આકર્ષાતા નથી. વધુમાં હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ

બી.એન.એસ.ની કલમ–૧૨૫ મુજબનો પણ આરોપ છે. જે કલમ જોતા આરોપીએ કોઇ કૃત્ય બેફામ રીતે અથવા બેદરકારીપુર્વકનું કર્યું હોવું જોઇએ અને આવા કૃત્યથી માનવ જીવન અથવા અન્ય લોકોની શારીરિક સલામતી જોખમમાં મુકાવી જોઇએ અને આ કલમમાં આરોપીઓ દવારા કોઇ અન્ય વ્યકિતની માનવ જીંદગી અને શારીરિક સલામતી જોખમાય તો લાગુ પડે છે. પરંતુ હાલના કેસમાં ફરીયાદીપક્ષનો એવો કેસ છે કે આરોપી નં.૧ને ઈજા થયેલ છે કોઇ અન્ય વ્યકિતને ઈજા થયેલ નથી. આમ, બી.એન.એસ.ની કલમ–૧૨૫ના તત્વો આકર્ષાતા નથી.

(૧૮) **આમ, ઉપર કરેલ ચર્ચા તેમજ આ કામે રેકર્ડ પર રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા ફરિયાદીની જુબાની ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ દ્ધારા** તા. ૦૬/૧૦/૨૦૨૪ના રાત્રીના દસ વાગ્યાના વખતે મોઢુકા ગામેથી આગળ ઘેલા સોમનાથ રોડ ઉપર ઉપર આવેલ સોના કુબા સીમ શાળાની અંદર આ કામના આરોપી પી.જી.વી.સી.એલ કંપનીની મીલકત જેવી કે ટ્રાન્સફોરમર તથા વાયર ચોરી કરવાના ઈરાદે રાત્રીના સમયે આવી નિશાળમાં પ્રવેશ કરી જેમા આરોપી નં–(૧) દિપુભાઇ ગુલાબભાઇ શેખલીયાએ પોતાની જીંદગી જોખમમાં મુકી ટી.સી ઉપર ચડતા શોર્ટ આવતા નિચે પડતા હાથે તથા શરીરે ઈજા થયેલ તથા પુનાભાઈ ધીરૂભાઇ શેખલીયા તથા જયસુખભાઇ લખમનભાઈ શેખલીયા રહે–કાનીયાડ તા.જી.બોટાદ વાળા રીક્ષા લઈ નાસી ગયેલ હોય અને આ કામના આરોપી નં–૧ તથા આરોપી નં–૩ નાઓને અટક કરી આરોપી નં–૨ કાયદાના સંઘર્ષમા આવેલ બાળ કિશોર હોય જેથી તેમની વિરૂધ્ધ અલગથી બાળ અદાલતમા ચાર્જશીટ કરેલ. હોય તેમજ આરોપી નં–૧ તથા આરોપી નં–૩ નાઓએ **બી.એન.એસ.એસ.ની કલમ–૩૦૩, ૬૨, ૧૨૫, ૫૪ મુજબ** શીક્ષાપાત્ર ગુનો કરેલ છે, તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો ફરિયાદપક્ષ રજૂ થયેલ ન હોય, આવા સંજોગોમાં આરોપીને **બી.એન.એસ.ની કલમ–૩૦૩, ૬૨, ૧૨૫, ૬૪ મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી**. જેથી સદર કામે મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**C.C.No**.217/2025.

## // આખરી હુકમ //

**(૦૧) આથી આ કામના આરોપી નં.૧ દીપુભાઇ ગુલાબભાઇ શેખલીચા,** ઉ.વ.૩૫, **આરોપી નં.૨ જયશુખભાઇ લક્ષમણભાઇ શેખલીયા,** ઉ.વ.૨૬, રહે.બંને કાનીયાડ, તા.જિ.બોટાદનાઓએ **બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૩૦૩, ૬૨, ૧૨૫, ૫૪ મુજબનાં ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.**

**(૦૨) આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન આથી રદ કરવામાં આવે છે.** આ કામના આરોપીએ આ કામે જો અપીલ થાય તો એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ રૂા.૧૦૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા)નાં** જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજૂ કરવા.

**(૦૩) આ કામે મુદ્દામાલ પાવતિ નં.૫૬/૨૦૨૪માં જણાવેલ મુદ્દામાલ**નો અપિલ સમય વિત્યા બાદ કાનૂની પ્રક્રિયા અનુસરીને નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સદરહુ ચુકાદો આજરોજ તારીખઃ૧૨મી, માહેઃમાર્ચ, સને.૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

**સ્થળઃવીંછિયા.** **(એસ.એન.મોદી)**

**તારીખઃ૧૨/૦૩/૨૦૨૬** **પ્રિન્સીપાલ સિવિલ જજ જ્યુડિશિયલ**

**મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**વીંછિયા–કોડ નં.જી.જે.૦૧૬૮૨**